BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# રોજગાર કચેરી અમદાવાદ તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત રોજગાર મેળામાં વિવિધ ક્ષેત્રની ૪૫ જેટલી કંપનીઓ ઉપસ્થિત રહેશે

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, નિયામક શ્રી રોજગાર અને તાલીમના તાબા હેઠળની મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૭મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,અમદાવાદ ખાતે ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાશે, જેમાં નામાંકિત અગ્રગણ્ય કંપનીઓ ઉપસ્થિત રહી નોકરી ઓફર કરશે. આ ભરતી મેળામાં સર્વિસ સેકટર, મેન્યુફેકચરિંગ સેકટર, બેક્કિંગ સેકટર,ફાર્માસ્યુટિકલ સેકટર, લોજિસ્ટીક સેકટર સહિતના સેકટરની ૪૫થી વધુ કંપનીઓ કંપનીઓ ઉપસ્થિત રહી ફિલ્ડ સેલ્સ, સુપરવાઈઝર, સેલ્સ & માર્કેટિંગ, મીકેનીકલ એંજ.સ્ટોર એકઝીક્યુટીવ, ટેકનીશ્યન, એન્જીનીયર, સીએનસી વીએમસી ઓપરેટર, પ્રોડકશન સુપરવાઈઝર ઈલેકટ્રીકલ, ઈલેકટ્રીશ્યન ફીટર, વેલ્ડર, સર્વિસ એન્જીનીયર, એપ્રેન્ટીસ, એફટીસી,બેક ઓફીસ,સેન્ટર મેનેજર, ટેકનીકલ, રીલેશનશીપ મેનેજર વેરહાઉસ, ડીલેવરી એકઝીક્યુટીવ વગેરે જેવી ૧૫૦૦ થી વધારે જગ્યાઓ માટે સ્થળ પરથી જ ઈન્ટરવ્યું લેશે. ધોરણ ૭ પાસથી ૧૦ પાસ, ૧૨ પાસ, કોઈપણ ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, આઈટીઆઈ ઓલ ટેકનીકલ ટ્રેડ, ડીપ્લોમાં, બીઈ, બી.ટેક, વગેરે જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો આ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે.

આથી રોજગાર મેળવવા ઉત્સુક ઉમેદવારોએ બાયોડેટાની ત્રણ કોપી સાથે રાખી તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.




રત્નમણી

તારીખ : 06/01/2026